# ડૉ.એ.પી.જે અબ્દુલ કલામના જન્મ દિવસે ઓન લાઇન કવીઝનો પ્રારંભ

ડૉ.એ.પી.જે અબ્દુલ કલામ, મિસાઈલ મેન અને ભારતના ભૂતપૂર્વ પ્રમુખની જન્મ જયંતીના દિવસે ગુજકોસ્ટ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર ડિજીટલ ઈન્ડિયા-ડીજીટલ ગુજરાત ઓનલાઈન ક્વિઝની જાહેરાત કરે છે. જે તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૧૫ થી શરૂ થઈ ૧૪ નવેમ્બર ૨૦૧૫ (૨૩.૫૯ કલાક) સુધી રહેશે.

જે ઓન લાઇન કવીઝ ગુજકોસ્ટની વેબસાઇટ પર: www.gujcost.gujarat.gov.in/quiz.htm પરથી આપી શકાશે.

ડિજિટલ ઇન્ડિયા : ડિજિટલ ગુજરાતની ઓન લાઈન ક્વિઝની જાહેરાત માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ દ્વારા ૬ઠી જુલાઇ, ૨૦૧૫ ના રોજ કરવામાં આવી હતી અને ત્યારબાદ રાજયની ૧૩૮૦ શાળાઓના ધોરણ ૯ થી ૧૨ના ૫૦,૨૩૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યુ હતું. જેમાં ૩૦,૧૦૫ છોકરાઓ અને ૨૧,૬૭૫ છોકરીઓ છે.

આ ક્વિઝ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપવા રૂપી એક પગલું છે. જેનાથી તેમનામાં કોમ્પ્યૂટર અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ને લગતા ક્ષેત્રો માટે જાગૃતી આવશે અને સ્પર્ધાત્મકતા કેળવાશે.

દરેક વિદ્યાર્થી એક મહિનાના સમયગાળા દરમિયાન ત્રણ વખત ઓન લાઈન ક્વિઝ માટેનો પ્રયાસ કરી શકશે. જેના માટે ભાગ લેતા દરેક વિદ્યાર્થી ને ત્રણ યુસર આઈડી અને ત્રણ પાસવર્ડ મળેલ હશે. ત્રણે પ્રયાસમાંથી શ્રેષ્ઠ પ્રયાસને આગળની પ્રક્રિયા માટે પસંદ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ આ ક્વિઝ ઈન્ટરનેટ ના માધ્યમથી તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૧૫ થી ૧૪મી નવેમ્બર ૨૦૧૫ નાં સમયગાળા દરમ્યાન કોઈપણ સ્થળેથી આપી શકશે. આ ક્વિઝમાં ૧૦૦ પ્રશ્નો માટેનો સમય ૬૦ મિનિટનો રહેશે. કોઈ નેગેટિવ માર્કિંગ પધ્ધતિ નથી.

શ્રેષ્ઠ ૧૦૦૦ વિદ્યાર્થીઓને ૧૪મી નવેમ્બર,૨૦૧૫ પછી આયોજીત બીજા રાઉન્ડ માટે ગાંધીનગર આમંત્રિત કરવામાં આવશે. જે નિયંત્રિત વાતાવરણમાં હાથ ધરવામાં આવશે. આ ક્વિઝ નો છેલ્લો રાઉન્ડ સ્ટુડિયો ફોરમેટની સાથે ઘણો ઉત્તેજીત અને રસપ્રદ હશે.

જે વિદ્યાર્થીઓએ ક્વિઝ પહેલાં પોતાનું રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ આ ક્વિઝમાં ભાગ લઈ શકશે.વધુ માહિતી માટે ગુજકોસ્ટ ઓફિસ અથવા જીલ્લાનાં નજીકના લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવો.

ડૉ. અબ્દુલ કલામ ના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું ગુજરાત સાયન્સ સીટી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.